**સત્યની એરણે** આજે પણ છે સોક્રેટીસ આજે પણ છે ગ્રીસ, આજે પણ અસત્યની વચ્ચે સત્ય પાડતું ચીસ

# સોક્રેટીસે હસતા મોંઢે પીધો ઝેરનો પ્યાલો

સોક્રેટીસ એક આવું વ્યક્તિત્વ જેના સત્યને સમજવા ભગીરથ પ્રયાસ કરવો પડે. પણ જો એમના જીવન અને કર્મનો સાર અત્યંત સરળ રીતે માત્ર બે કલાકમાં જ સમજવો હોય તો? તો મનુભાઈ પંચોળી 'દર્શક'ની ક્લાસીક નવલકથા આધારિત, ભરત દવે દ્વારા નાટ્યરૂપાંતરિત અને રાજૂ બારોટ દ્વારા નિર્દેશન કરાયેલું એક 'એનલાઈટનમેન્ટ' સમુ નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ (સોક્રેટીસ)' જોવું પડે.

નાટકની શરૂઆત 'પેલોપોનેશીયન વોર'ની વચ્ચે બળ્યું સત્યનું ફાનસ, જેના અજવાળે ઉજ્જવળ થાતું ગ્યુ યુવાન માનસ, જેના વિચાર-વાણીએ ઢંઢોળ્યું આખું ગ્રીસ, એથેન્સનો એ તત્ત્વચિંતક નામે 'સોક્રેટીસ' કોરસ ગાન સાથે થઈ અને નાટકનો સત્ત્વનો સુંદર ઉઘાડ થયો.



વિગ્રહ શરૂ થયો ત્યારે ગ્રીસનો અગ્રણી પેરિક્લીસ જીવતો હતો, તે ઉપરાંત રંગભૂમિ પર કવિ યુરીપીડીસ, ચિંતનક્ષેત્રે યુવાન પ્લેટો અને વિશેષ, પોતના અદ્‌ભુત વાર્તાલાપોથી સૌથી વધુ ધ્યાન ખેંચનારા મહાપુરુષ હતા સોક્રેટીસ. સત્તાવીસ વર્ષ ચાલેલા એથેન્સ અને સ્પાર્ટાના યુધ્ધમાં એથેન્સ હાર્યું અને સ્પાર્ટાએ પોતાના મળતીયા એવા ૩૦ જણને એથેન્સનો વહીવટ સોંપ્યો, જે જુલમગારો કહેવાયા. જેમાંના કેટલાક અગાઉ સોક્રેટીસની મંડળીમાં બેસનારા તેમના જુના અને ફરી ગયેલા શિષ્યો પણ હતા. પરંતુ દેશભક્તોના બંડે આ જુલમગારોને નમવાની અને નાસવાની ફરજ પડી અને એથેન્સની લોકશાહી પુનઃપ્રસ્થાપિત થઈ. પરંતુ આ દેશભક્તોમાંના જ બે-ત્રણ જણાએ

> **એથેન્સમાં લોકશાહી, જ્યારે સ્પાર્ટામાં ઉમરાવશાહી વખતના વિગ્રહને 'પેલોપોનેશીયન વોર' કહે છે**

ઈર્ષ્યાથી સોક્રેટીસ પર ખટલો માંડ્યો કે સોક્રેટીસ દેવદેવતાઓમાં માનતો નથી અને આપણા જુવાનીયાઓને બગાડે છે, એટલે એને મૃત્યુદંડ આપો. પછી જે થાય છે એનો ચોટદાર ઘટનાક્રમ આ નાટકનું હાર્દ છે. સોક્રેટીસની સંપૂર્ણ સત્યની એરણે થતી તર્કસંગત વાણી અને દલીલો, અને સોક્રેટીસના પાત્રમાં પ્રવીણ હીરપરાનો જાનદાર અભિનય, કે જે અભિનય પરંતુ વાસ્તવિક જ લાગે, ઝડપભેર અને ક્યાંય તૂટવાનો અનુભવ ન થાય તેવા સળંગ દ્રશ્યો અને એને જીવંત બનાવતું એકદમ સોફ્ટ મ્યુઝીક અને લાઈટીંગ તેમજ અન્ય પાત્રોનો પણ એટલો જ જીવ રેડીને થતો અભિનય સમગ્ર નાટ્યતત્ત્વને અનેરી ઊંચાઈ બક્ષે છે.આ અદ્‌ભુત નાટ્ય પ્રોડકશન આપનાર અને દિગ્દર્શન કરનાર ભરત દવે કહે છે, ખરેખર તો આ નાટક મેં ૧૯૯૭માં લખ્યું ત્યારે વડોદરાના યશવંત કેળકર પાસે સોક્રેટીસનો રોલ કરાવવાનો હતો. ગ્રીક બેકગ્રાઉન્ડમાં સેટ થાય એવા ઊંચા અને પડછંદ બીજા કલાકારો ન મળતાં એક પ્રકારની થોડી હતાશા સાથે, ત્રણ મહિનાના પ્રયાસ પછી વિચાર પડતો મુકેલો. 'આ નાટકને વર્તમાન સાથે જોડતી કોરસની લાઈન્સ બહુ સરસ છે.આ ઉપરાંત સોક્રેટીસના ડાયલોગ્ઝ પણ એની આંતરચેતનાની આભા પ્રસરાવે છે.એથેન્સની શેરીઓમાં કચરો વળાય એ પહેલાં હું પ્રજાના મનનો કચરો વાળવા નીકળું છું.'

નાટકમાં અન્ય મુખ્ય પાત્રોમાં સોક્રેટીસની પત્ની ઝેન્થીપીનો રોલ દીપ્તિ બ્રહ્મભટ્ટ, ક્રીટોનો રોલ ચિંતન પંડ્યા, ક્રિશ્યસનો રોલ વિશાલ શાહ, પેરિક્લીસનો રોલ રાજુ બારોટ, પેરિક્લીસનો રોલ વૈભવી ભટ્ટે, મીડિયાનો રોલ તારિકા ત્રિપાઠીએ, એપોલોરસનો રોલ વૈશાખ રાઠોડ, એનેટ્સનો રોલ નિસર્ગ ત્રિવેદીએ, કલીયોન હેમંત સોની તેમજ એજીસનો રોલ ધ્રુવ ત્રિવેદીએ ભજવ્યો છે. આ નાટક વિશે એક લાઈનમાં કહેવું હોય તો એમ કહી શકાય કે બીજા યુગની વર્ચ્યુઅલ ટૂર કરાવતું, જોવા જેવું એક કમ્પ્લીટ પ્રોડકશન.